# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

A-3, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત. (ISO 9001: 2008 Certified)
Phone no. (0261) 2662903, Email Id: suratdeo@gmail.com

જા.નં/મા-પ/સળંગ નોકરી/૨૦૨૨/ ૨૧૨૭૩ તા. ૧૨/૧૧/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓ અને

બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાઓ તમામ, સુરત,

જિ. સુરત.

**વિષય :-** બિન સરકારી અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓ અને પ્રાથમિક શાળાઓમાં નિમણૂંક પામેલ શિક્ષકોની પાંચ વર્ષની ફિક્સ વેતનથી બજાવેલ સેવાઓ બઢતી, પ્રવરતા, ઉ.પ.ધો તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવાની દરખાસ્ત રજૂ કરવા બાબત.

**સંદર્ભ:-** (૧) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૧૩૪૬/ગ તા.૦૭-૧૦- ૨૦૨૨.

(૨) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી(માધ્યમિક), કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગર શેરા ક્રમાંક: ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૨/૧૮૫૭૦-૬૦૬ તા. ૦૭-૧૦-૨૦૨૨.

ઉપયુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે રાજ્યની બિન સરકારી અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓમાં તા. ૦૨-૦૭-૧૯૯૯ ના ઠરાવ બાદ નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકોને તેઓની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે શરતોને આધીન સંદર્ભ-૧ થી તા. ૦૧-૦૪-૨૦૧૯ની અસરથી ગણવાની મંજૂરી આપવામાં આવેલ છે.

આ ઠરાવના અમલીકરણના ભાગરૂપે સુરત શહેર અને જિલ્લાની તમામ અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓના લાગુ પડતા કર્મચારીઓને જરૂરી કાર્યવાહી કરીને લાભો આપવાના થાય છે. તે માટે આ સાથે સામેલ ચેક લીસ્ટ મુજબની તમામ કર્મચારીઓની દરખાસ્તો શાળા કક્ષાએ તૈયાર રાખવા જણાવવામાં આવે છે.

Scanned with CamScanner

કચેરી કક્ષાએ ટૂંક સમયમાં કેમ્પનું આયોજન કરવામાં આવશે. તેના માટે તારીખ-સમય-સ્થળ સહિતનો વિગતવાર કાર્યક્રમનો હવે પછી પરિપત્ર કરવામાં આવશે. શાળા કક્ષાએ કોઈ પણ કર્મચારીની દરખાસ્ત યોગ્ય કારણ વિના પેન્ડીંગ ન રહે તે જોવાની સંપૂર્ણ જવાબદારી શાળાના વડાની રહેશે.

**તાક :-** જે કર્મચારીઓની સેવાપોથીઓ હાલ કચેરી કક્ષાએ છે અને તમની પાત્રતા તારીખ ૦૧-૦૪-૨૦૧૯ કે તે પછીની હોય તો મેળવી લેવી અને ઉપયુક્ત સુચના મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લા, સુરત.

બિડાણ :-

૧. ચેકલીસ્ટ

Scanned with CamScanner

# ચેકલીસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | શાળાનું નામ અને સરનામું :- | |
| ૨. | કર્મચારીનું નામ:- | |
| ૩. | હોદ્દો :-<br>(ચિત્ર શિક્ષક/ઉદ્યોગ શિક્ષક વગેરે સ્પષ્ટ લખવું ) | |
| ૪. | લાયકાત:-<br>(N.O.C./બહાલી મુજબ) | |
| ૫. | વિભાગ (માધ્યમિક કે ઉ. માધ્યમિક) :- | |
| ૬. | ફિક્સ પગારમાં નિમણૂંક તારીખ:- | |
| ૭. | બિન પગારી રજાઓ:-<br>તારીખ.........થી.......... તારીખ સુધી : કુલ સમયગાળો<br>**નોંધ:-** પ્રસુતિની રજાઓ રાજ્ય સરકારના બિનસરકારી અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓ માટે જે તે સમયના વખતો વખતના ઠરાવ અન્વયે મંજૂર કરી હોય તો તે ઠરાવની નકલ સાથે પ્રસુતિ રજાની વિગત આપવી. | ૧. .....વર્ષ.... માસ..... દિવસ<br>૨. .....વર્ષ.... માસ..... દિવસ<br>૩. .....વર્ષ.... માસ..... દિવસ<br><br>કુલ સમયગાળો................ |
| ૮ | પુરા પગારમાં સમાવ્યાની તારીખ :- | |
| ૯ | ઉ.પ.ધો મંજૂર થયેલ હોય તો તેની વિગત :- | તા. ......................... થી તા. .......................<br>માં પગારધોરણ મંજૂર થયેલ છે. |
| ૧૦. | CCC પાસ કર્યાની નકલ:- | |
| ૧૧. | હિન્દી પાસ કર્યાની નકલ:- | |
| ૧૨. | અન્ય :- પોલીસ કેશ- ખાતાકીય શિક્ષાત્મક કાર્યવાહી, ફરજ મોકૂફી વગેરેની સ્પષ્ટ વિગતવાર નોંધ. | |
| ૧૩. | નામ. કોર્ટમાં કેશ દાખલ કરેલ હોય તો તેની વિગત કેશ નંબર સહિત. | |
| ૧૪. | અન્ય કોઈ બાબત શાળા કક્ષાએથી કચેરીને ધ્યાને મૂકવાની હોય તો તે. | |

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે સદર કર્મચારીની ઉપરોક્ત જણાવેલ તમામ વિગતો હકીકતો શાળા કક્ષાએ ચકાસણી કરી પ્રમાણિત કરેલ છે. કોઈ વિગત રહી જવા પામી નથી.

આચાર્યની સહી.

બિડાણ :-

૧. N.O.C. કામચલાઉ અને કાયમી બહાલી

૨. નિમણૂંક હુકમ

(P.T.O)

Scanned with CamScanner

૩. હાજર રિપોર્ટ

૪. બિન પગારી રજાનું પત્રક.

૫. ખાનગી અહેવાલ

૬. બોર્ડના પરિણામની વિગત

૭. નિયત થયેલ ઉ.પ.ધો.ની દરખાસ્ત

Scanned with CamScanner